:: વેચાણ દસ્તાવેજ ::

સંવત ૨૦૭૬ ના ને, વાર, તારીખ- ,
માહે- સને ૨૦... ના અંગ્રેજી દિને..

એલોટી યાને વેચાણ રાખનાર યાને પહેલા પક્ષના :-

................................., (પાનકાર્ડ નં. ....),
ઉ.આ.વ. : ...., ધંધો : ....,
રહેવાસી : ....

તે પ્રથમ પક્ષના..

પ્રયોજક યાને વેચાણ આપનાર યાને બીજા પક્ષના :-

તન્વી ઇન્ફ્રાકોન, (પાન નં. AANFT9663P)
ઠે. : **હેડ ઓફિસ** : ઓફિસ નં. ૫, સીટી સેન્ટર, પહેલાં માળે, નવી કલેકટર ઓફિસની સામે, સરદાર બાગની પાછળ, જુનાગઢ. તથા
બ્રાન્ચ ઓફિસ : એફ.પી.નં. : ૮૩, સબ પ્લોટ નં. : ૮૩/એ, ટી.પી. : ૬૧, બ્લોક નં. ૩૪/૨ તથા ૩૩, ગોડાદરા, સુરત.
તરફે તેના કાર્યકારી ભાગીદાર

.................................., (પાનકાર્ડ નં. ....),
ઉ.આ.વ. : ...., ધંધો : ....,
ઠે. : ....

તે બીજા પક્ષના..

લેખનો પ્રકાર	ગામ	બ્લોક નંબર	ટી.પી.નં.	એફ.પી.નં.	સબ પ્લોટ નં.	પ્રોજેક્ટનું નામ	ફ્લેટ નં.	માપ (કાર્પેટ એરીયા ચો.મી.)
વેંચાણ	ગોડાદરા	૩૪/૨ તથા ૩૩	૬૧	૮૩	૮૩/એ	આરણ્ય-2	....	....

....
(**'તન્વી ઇન્ફ્રાકોન' એક ભાગીદારી પેઢી** તરફે તેના કાર્યકારી ભાગીદાર ....)

....

<u>જત હમો બીજા પક્ષના તમો પહેલા પક્ષનાને આ વેચાણ દસ્તાવેજ કરી આપીએ છીએ કે</u> -

(૧). સુરત જીલાના, તાલુકા ઉધનાના મોજે ગામ મોજે ગોડાદરાના રેવન્યુ સર્વે નંબર ૨૪/૨, **બ્લોક નંબર ૩૩** થી નોંધાયેલ ૧-૧૧-૨૯ હે.આરે.ચો.મી. ક્ષેત્રફળ વાળી જમીનના ટાઈટલની વિગત એવી છે કે...

મજકુર સુરત જીલાના, તાલુકા ચોર્યાસીના મોજે ગામ ગોડાદરાના રેવન્યુ સર્વે નંબર ૨૪/૨ થી નોંધાયેલ ૨-૩૫ એકર-ગુઠા ક્ષેત્રફળ વાળી જમીનમાં જીવણભાઈ વનમાળીનું નામ ચાલતુ હતું. ત્યારબાદ તેઓએ તેમની હયાતીમાં એમના ભત્રીજા પરભુભાઈ મગનલાલને વહેંચાણથી આપી દીધેલી, જે અંગેનો કરાર તા.૨૮/૦૬/૧૯૬૯ ના રોજ કરવામાં આવેલ, જેના આધારે જીવણભાઈ વનમાળીનું નામ કમી કરી પરભુભાઈ મગનલાલનું નામ રેવેન્યુ દફતરે દાખલ કરવામાં આવેલું, જે અંગેની નોંધ રેવન્યુ રેકર્ડમા ગામના હકકપત્રક નમુના નં. ૬ માં એન્ટ્રી નં. ૫૬૧ થી તા.૧૯/૦૬/૧૯૭૨ ના રોજ પાડવામાં આવેલ.

મજકુર જમીન તારણમાં મુકી પરભુભાઈ મગનલાલે બેંક ઓફ બરોડા બારડોલી શાખા પાસેથી રૂપીયા ૫૦૦૦ અંકે રૂપીયા પાંચ હજારની લોન મેળવેલ, જે અંગે બોજા અંગેની નોંધ રેવન્યુ રેકર્ડમાં એન્ટ્રી નં. ૬૧૦ થી તા.૨૯/૧૨/૧૯૭૫ નાં રોજ પાડવામા આવેલ છે. જે લોન પુરેપુરી ભરપાઈ કરવામાં આવેલ, જે અંગે બોજા મુકિતની નોંધ રેવન્યુ રેકર્ડમાં એન્ટ્રી નં. ૧૩૭૦ થી તા.૮/૧૨/૧૯૯૭ નાં રોજ પાડવામા આવેલ છે.

સદરહુ સર્વે નં. : સર્વે નંબર ૨૪/૨ વાળી સુમારે એ. ૨-૩૫ ગુંઠા ક્ષેત્રફળ હતુ, મે. સ્પે. લેન્ડ રેકર્ડઝ સાહેબ સુરતના તા. : ૧૩/૦૩/૧૯૬૭ ના હુકમ મુજબ દુરસ્તીપત્ર-૫ થી સદરહુ જમીનનું ક્ષેત્રફળ ઘટીને ૧-૧૧-૨૯ હે.આરે.ચો.મી. થયેલ, જે દુરસ્તીપત્ર-૫ અંગેની નોંધ રેવન્યુ દફતરે ગામના હકકપત્રક નમુના નં. : ૬ માં નોંધ નં. ૭૧૦ થી તા. ૨૫/૦૩/૧૯૭૫ ના રોજે નોંધ પાડવામાં આવેલ.

ત્યારબાદ ચોર્યાસી તાલુકાના મોજે ગામ ગોડાદરામાં એકત્રીકરણ યોજના લાગુ પડતાં સર્વે નંબર ૨૪/૨ વાળી જમીનને બ્લોક નં. ૩૩ ફાળવવામાં આવેલ, તેની ફેરફાર નોંધ રેવન્યુ દફતરે ગામના હકક-પત્રક નમુના નંબર : ૬ માં એન્ટ્રી નં. ૮૫૩ થી તા. ૨૦/૦૨/૧૯૮૦ ના રોજે નોંધ પાડવામાં આવેલ.

ત્યારબાદ પરભુભાઈ મગનલાલ પાસેથી મજકુર જમીન અમરીશભાઈ શંકરભાઈ, મિતલકુમાર શંકરભાઈ તથા ડીમ્પલબેન શંકરભાઈએ વેચાણ રાખેલ, જે વેચાણનો દસ્તાવેજ મે. સબ રજીસ્ટ્રાર સાહેબની કચેરીમાં અનુક્રમ નંબર : ૧૯૦૭ થી તા.૧૨/૦૨/૧૯૯૮ થી નોંધાયેલ છે. જે વેચાણ અંગેની નોંધ રેવન્યુ રેકર્ડમા ગામના હકકપત્રક નમુના નં. ૬ માં એન્ટ્રી નં. ૧૩૭૪ થી તા.૨૧/૦૨/૧૯૯૮ ના રોજ પાડવામાં આવેલ. જે નોંધ તા.૧૩/૦૩/૧૯૯૮ ના રોજે પ્રમાણીત થયેલ છે.

ત્યારબાદ અમરીશભાઈ શંકરભાઈ, મિતલકુમાર શંકરભાઈ તથા ડીમ્પલબેન શંકરભાઈ પાસેથી મજકુર જમીન શારદાબેન છગનભાઈ પાનસુરીયાએ વેચાણ રાખેલ, જે વેચાણનો દસ્તાવેજ મે. સબ રજીસ્ટ્રાર સાહેબની કચેરીમાં અનુક્રમ નંબર : ૬૭૩૪ થી તા.૦૭/૦૮/૨૦૦૪ ના રોજ રજુ કરવામાં આવેલ જે અનુક્રમ નંબર : ૨૧૫ થી તા.૦૭/૦૧/૨૦૦૫ થી નોંધાયેલ છે. જે વેચાણ અંગેની નોંધ રેવન્યુ રેકર્ડમા ગામના હકકપત્રક નમુના નં. ૬ માં એન્ટ્રી નં. ૧૯૭૭ થી તા.૨૮/૧૦/૨૦૦૫ ના રોજ પાડવામાં આવેલ. જે નોંધ તા.૩૧/૦૧/૨૦૦૬ ના રોજે પ્રમાણીત થયેલ છે.

લેખનો પ્રકાર	ગામ	બ્લોક નંબર	ટી.પી.નં.	એફ.પી.નં.	સબ પ્લોટ નં.	પ્રોજેકટનું નામ	ફલેટ નં.	માપ (કાર્પેટ એરીયા ચો.મી.)
વેંચાણ	ગોડાદરા	૩૪/૨ તથા ૩૩	૬૧	૮૩	૮૩/એ	આરણ્ય-2	....	....

....

(**'તન્વી ઈન્ફ્રાકોન' એક ભાગીદારી પેઢી** તરફે તેના
કાર્યકારી ભાગીદાર ....)

ત્યારબાદ, મહે. કલેકટર સાહેબ સુરતના પત્ર નંબર : (જે)બખ/તપસ/વશી/૪૮૯૭/૦૬, તા. ૧૯/૧૦/૨૦૦૬ માં જણાવ્યા મુજબ સરકારશ્રીના શહેરી વિકાસ અને ગૃહ નિર્માણ વિભાગના જાહેરનામા નંબર : કેવી/૨૬/૦૬/એસએમએન/૯૦૨૦૦૬/૪૧૦/પી., તા. ૧૪/૦૨/૨૦૦૬ તથા જાહેરનામાં નંબર : કેવી/૨૧૨/૦૬/એસએમએન/૯૦૨૦૦૬/૪૧૦/પી., તા.૨૦/૦૭/૨૦૦૬ થી આઠ નગરપાલીકા તથા ૨૭ ગામોનો સમાવેશ સુરત શહેરમાં કરવામાં આવેલ છે. જેથી સુરત મહાતગરપાલીકાની હદનું વિસ્તરણ થવાથી ચોર્યાસી તાલુકાના ગોડાદરા ગામનો સમાવેશ સુરત શહેરમાં થયેલ, જે ગોડાદરા ગામ નિકાલ અંગેની નોંધ રેવન્યુ દફતરે ગામના હકકપત્રક નમુના નં. ૬ માં એન્ટ્રી નં. ૨૧૦૪ થી તા. ૨૬/૧૨/૨૦૦૬ ના રોજ પાડવામાં આવેલ. જે નોંધ તા. ૨૭/૧૨/૨૦૦૬ ના રોજ પ્રમાણીત થયેલ છે.

ત્યારબાદ, પ્રાદેશિક ફેરફાર મુજબ મહે. કલેકટર સાહેબ સુરતના પત્ર નંબર : (જે)બખ/તપસ/વશી/૪૮૯૭/૦૬, તા.૧૯/૧૦/૨૦૦૬ ના જણાવ્યા મુજબ સરકારશ્રીના શહેરી વિકાસ અને ગૃહ નિર્માણ વિભાગના જાહેરનામા નંબર : કેવી/૨૬/૦૬/એસએમએન/૯૦૨૦૦૬/૪૧૦/પી., તા.૧૪/૦૨/૨૦૦૬ તથા જાહેરનામાં નંબર : કેવી/૨૧૨/૦૬/એસએમએન/૯૦૨૦૦૬/૪૧૦/પી., તા.૨૦/૦૭/૨૦૦૬ થી આઠ નગરપાલીકા તથા ૨૭ ગામોનો સમાવેશ સુરત શહેરમાં કરવામાં આવેલ છે. જેથી સુરત મહાતગરપાલીકાની હદનું વિસ્તરણ થવાથી ચોર્યાસી તાલુકાના ગોડાદરા ગામનો સમાવેશ સુરત શહેરમાં થયેલ, જે ગોડાદરા ગામ દાખલ અંગેની નોંધ રેવન્યુ દફતરે ગામના હકકપત્રક નમુના નં. ૬ માં એન્ટ્રી નં. ૨૧૦૫ થી તા. ૨૨/૧૨/૨૦૦૬ ના રોજ પાડવામાં આવેલ. જે નોંધ તા. ૨૭/૧૨/૨૦૦૬ ના રોજ પ્રમાણીત થયેલ છે.

ત્યારબાદ શારદાબેન છગનભાઈ પાનસુરીયા પાસેથી મજકુર જમીન (૧) શ્રી છગનભાઈ રામભાઈ તથા (૨) શ્રી ભરતભાઈ મધુભાઈ ગોહિલ નાઓએ વેંચાણ રાખેલી જે અંગેનો વેંચાણ દસ્તાવેજ મે. સબ રજી. સાહેબની કચેરીમાં અનુક્રમ નંબર ૨૯૩ થી તા. ૦૪/૦૧/૨૦૦૭ થી નોંધાયેલો છે. જે અંગેની નોંધ રેવન્યુ રેકર્ડમા ગામના હકકપત્રક નમુના નં. ૬ માં એન્ટ્રી નં. ૨૧૩૮ થી તા.૨૮/૦૨/૨૦૦૭ ના રોજ પાડવામાં આવેલ. જે નોંધ તા.૦૮/૦૫/૨૦૦૭ ના રોજે પ્રમાણીત થયેલ છે.

આમ અને તે રીતે સદર રેવનયુ સર્વે નંબર ૨૪/૨, બ્લોક નંબર ૩૩ થી નોંધાયેલ સુમારે ૧-૧૧-૨૯ હે.આરે.ચો.મી. ક્ષેત્રફળ વાળી જમીનના માલીક (૧) શ્રી છગનભાઈ રામભાઈ તથા (૨) શ્રી ભરતભાઈ મધુભાઈ ગોહિલ બનેલા અને ચાલી આવેલાં.

(૨). રેવેન્યુ સર્વે નંબર ૨૫ પૈકી, **બ્લોક નંબર ૩૪/૨** થી નોંધાયેલ ૦-૫૮-૬૮ હે.આરે.ચો.મી. ક્ષેત્રફળ વાળી જમીનના ટાઈટલની વિગત એવી છે કે...

રેવેન્યુ સર્વે નંબર ૨૫ પૈકી, થી નોંધાયેલ ૨-૩૫ એકર-ગુઠા ક્ષેત્રફળ વાળી જમીનના માલીક તરીકે જીવણભાઈ વનમાળીનું નામ ચાલતુ હતું.

મજકુર જમીન તારણમાં મુકી જીવણભાઈ વનમાળીએ બેંક ઓફ બરોડા બારડોલી શાખા પાસેથી રૂપીયા ૫૦૦૦ અંકે રૂપીયા પાંચ હજારની લોન મેળવેલ, જે અંગે બોજા અંગેની નોંધ રેવન્યુ રેકર્ડમાં એન્ટ્રી નં. ૬૧૧ થી તા.૨૯/૧૨/૧૯૭૫ નાં રોજ પાડવામા આવેલ છે.

સદરહુ સર્વે નં. : સર્વે નંબર ૨૫ વાળી સુમારે એ. ૨-૩૮ ગુંઠા ક્ષેત્રફળ હતુ, મે. સ્પે. લેન્ડ રેકર્ડઝ સાહેબ સુરતના તા. : ૧૩/૦૩/૧૯૬૭ ના હુકમ મુજબ દુરસ્તીપત્ર-૫ થી સદરહુ જમીનનું ક્ષેત્રફળ ઘટીને ૧-૧૨-૩૦ હે.આરે.ચો.મી. થયેલ, જે દુરસ્તીપત્ર-૫ અંગેની નોંધ

લેખનો પ્રકાર	ગામ	બ્લોક નંબર	ટી.પી.નં.	એફ.પી.નં.	સબ પ્લોટ નં.	પ્રોજેકટનું નામ	ફલેટ નં.	માપ (કાર્પેટ એરીયા ચો.મી.)
વેંચાણ	ગોડાદરા	૩૪/૨ તથા ૩૩	૬૧	૮૩	૮૩/એ	આરણ્ય-2	....	....

રેવન્યુ દફતરે ગામના હકકપત્રક નમુના નં. : ૬ માં નોંધ નં. ૭૧૦ થી તા. ૨૫/૦૩/૧૯૭૫ ના રોજે નોંધ પાડવામાં આવેલ.

ત્યારબાદ ચોર્યાસી તાલુકાના મોજે ગામ ગોડાદરામાં એકત્રીકરણ યોજના લાગુ પડતાં સર્વે નંબર ૨૫ વાળી જમીન પૈકીની મજકુર ૦-૫૮-૬૮ હે.આરે.ચો.મી. ક્ષેત્રફળ વાળી જમીનને બ્લોક નં. ૩૪/૨ ફાળવવામાં આવેલ, તેની ફેરફાર નોંધ રેવન્યુ દફતરે ગામના હકક-પત્રક નમુના નંબર : ૬ માં એન્ટ્રી નં. ૮૫૩ થી તા. ૨૦/૦૨/૧૯૮૦ ના રોજે નોંધ પાડવામાં આવેલ.

ત્યારબાદ મજકુર જમીન માલીક જીવણભાઈ વનમાળીએ તેમની હયાતીમાં મજકુર જમીન એમના ભાઈના પુત્રની પત્ની ગુલાબબેન પરભુભાઈ મગનભાઈને વહેંચણથી આપી દીધેલી, જે અંગેનો કરાર તા.૧૨/૦૯/૧૯૮૮ ના રોજ કરવામાં આવેલ, જેના આધારે જીવણભાઈ વનમાળીનું નામ કમી કરી ગુલાબબેન પરભુભાઈ મગનભાઈનું નામ રેવેન્યુ દફતરે દાખલ કરવામાં આવેલું, જે અંગેની નોંધ રેવન્યુ રેકર્ડમા ગામના હકકપત્રક નમુના નં. ૬ માં એન્ટ્રી નં. ૧૦૨૭ થી તા.૦૮/૦૯/૧૯૮૮ ના રોજ પાડવામાં આવેલ.

મજકુર જમીન તારણમાં મુકી જીવણભાઈ વનમાળીએ બેંક ઓફ બરોડા બારડોલી શાખા પાસેથી રૂપીયા ૫૦૦૦ અંકે રૂપીયા પાંચ હજારની લોન મેળવેલ હતી તે લોન પુરેપુરી ભરપાઈ કરવામાં આવેલ, જે અંગે બોજા મુકિતની નોંધ રેવન્યુ રેકર્ડમાં એન્ટ્રી નં. ૧૩૬૯ થી તા.૮/૧૨/૧૯૯૭ નાં રોજ પાડવામા આવેલ છે.

ત્યારબાદ મજકુર જમીન સરકારશ્રીનાં ટુકડા ધારામાં આવતી હતી જેથી જમીન માલીક ગુલાબબેન પરભુભાઈએ મજકુર જમીન ટુકડા મુકત કરવા મે. મામલતદાર સાહેબ ચોર્યાસીને અરજી કરતાં, મામલતદાર સાહેબના હુકમ નં. જમન/વશી/૭૬૩/૯૮, થી તા.૨૩/૦૩/૧૯૯૮ ના રોજ હુકમ થી ટુકડા મુકત કરેલ, જે હુકમના આધારે ટુકડા માંથી મુકિત અંગેની નોંધ રેવન્યુ રેકર્ડમા ગામના હકકપત્રક નમુના નં. ૬ માં એન્ટ્રી નં. ૧૩૭૫ થી તા.૨૬/૦૩/૧૯૯૮ ના રોજ પાડવામાં આવેલ.

ત્યારબાદ ગુલાબબેન પરભુભાઈ મગનલાલ પાસેથી મજકુર જમીન અમરીશભાઈ શંકરભાઈ, મિતલકુમાર શંકરભાઈ તથા ડીમ્પલબેન શંકરભાઈએ વેચાણ રાખેલ, જે વેચાણનો દસ્તાવેજ મે. સબ રજીસ્ટ્રાર સાહેબની કચેરીમાં અનુક્રમ નંબર : ૧૯૦૯ થી તા.૧૨/૦૨/૧૯૯૮ થી નોંધાયેલ છે. જે વેચાણ અંગેની નોંધ રેવન્યુ રેકર્ડમા ગામના હકકપત્રક નમુના નં. ૬ માં એન્ટ્રી નં. ૧૩૭૬ થી તા.૨૬/૦૩/૧૯૯૮ ના રોજ પાડવામાં આવેલ.

ત્યારબાદ અમરીશભાઈ શંકરભાઈ, મિતલકુમાર શંકરભાઈ તથા ડીમ્પલબેન શંકરભાઈ પાસેથી મજકુર જમીન વિમળાબેન મધુભાઈ ભંડેરીએ વેચાણ રાખેલ, જે વેચાણનો દસ્તાવેજ મે. સબ રજીસ્ટ્રાર સાહેબની કચેરીમાં અનુક્રમ નંબર : ૬૭૩૩ થી તા.૦૭/૦૮/૨૦૦૪ ના રોજ રજુ કરવામાં આવેલ જે અનુક્રમ નંબર : ૨૧૪ થી તા.૦૭/૦૧/૨૦૦૫ થી નોંધાયેલ છે. જે વેચાણ અંગેની નોંધ રેવન્યુ રેકર્ડમા ગામના હકકપત્રક નમુના નં. ૬ માં એન્ટ્રી નં. ૨૦૦૩ થી તા.૨૪/૦૨/૨૦૦૬ ના રોજ પાડવામાં આવેલ. જે નોંધ તા.૦૫/૦૮/૨૦૦૬ ના રોજે પ્રમાણીત થયેલ છે.

ત્યારબાદ, મહે. કલેકટર સાહેબ સુરતના પત્ર નંબર : (જે)બખ/તપસ/વશી/૪૮૯૭/૦૬, તા. ૧૯/૧૦/૨૦૦૬ માં જણાવ્યા મુજબ સરકારશ્રીના શહેરી વિકાસ અને ગૃહ નિર્માણ વિભાગના જાહેરનામા નંબર : કેવી/૨૬/૦૬/એસએમએન/ ૯૦૨૦૦૬/૪૧૦/પી., તા.૧૪/૦૨/૨૦૦૬ તથા જાહેરનામાં નંબર : કેવી/૨૧૨/૦૬/એસએમએન/૯૦૨૦૦૬/

લેખનો પ્રકાર	ગામ	બ્લોક નંબર	ટી.પી.નં.	એફ.પી.નં.	સબ પ્લોટ નં.	પ્રોજેકટનું નામ	ફ્લેટ નં.	માપ (કાર્પેટ એરીયા ચો.મી.)
વેંચાણ	ગોડાદરા	૩૪/૨ તથા ૩૩	૬૧	૮૩	૮૩/એ	આરણ્ય-2	....	....

....

(**'તન્વી ઈન્ફ્રાકોન' એક ભાગીદારી પેઢી** તરફે તેના
કાર્યકારી ભાગીદાર ....)

૪૧૦/પી., તા.૨૦/૦૭/૨૦૦૬ થી આઠ નગરપાલીકા તથા ૨૭ ગામોનો સમાવેશ સુરત શહેરમાં કરવામાં આવેલ છે. જેથી સુરત મહાનગરપાલીકાની હદનું વિસ્તરણ થવાથી ચોર્યાસી તાલુકાના ગોડાદરા ગામનો સમાવેશ સુરત શહેરમાં થયેલ, જે ગોડાદરા ગામ નિકાલ અંગેની નોંધ રેવન્યુ દફતરે ગામના હકકપત્રક નમુના નં. ૬ માં એન્ટ્રી નં. ૨૧૦૪ થી તા. ૨૬/૧૨/૨૦૦૬ ના રોજ પાડવામાં આવેલ. જે નોંધ તા. ૨૭/૧૨/૨૦૦૬ ના રોજ પ્રમાણીત થયેલ છે.

ત્યારબાદ, પ્રાદેશિક ફેરફાર મુજબ મહે. કલેકટર સાહેબ સુરતના પત્ર નંબર : (જે)બખ/તપસ/વશી/૪૮૯૭/૦૬, તા.૧૯/૧૦/૨૦૦૬ ના જણાવ્યા મુજબ સરકારશ્રીના શહેરી વિકાસ અને ગૃહ નિર્માણ વિભાગના જાહેરનામા નંબર : કેવી/૨૬/૦૬/એસએમએન/૯૦૨૦૦૬/૪૧૦/પી., તા.૧૪/૦૨/૨૦૦૬ તથા જાહેરનામાં નંબર : કેવી/૨૧૨/૦૬/એસએમએન/૯૦૨૦૦૬/૪૧૦/પી., તા.૨૦/૦૭/૨૦૦૬ થી આઠ નગરપાલીકા તથા ૨૭ ગામોનો સમાવેશ સુરત શહેરમાં કરવામાં આવેલ છે. જેથી સુરત મહાનગરપાલીકાની હદનું વિસ્તરણ થવાથી ચોર્યાસી તાલુકાના ગોડાદરા ગામનો સમાવેશ સુરત શહેરમાં થયેલ, જે ગોડાદરા ગામ દાખલ અંગેની નોંધ રેવન્યુ દફતરે ગામના હકકપત્રક નમુના નં. ૬ માં એન્ટ્રી નં. ૨૧૦૫ થી તા. ૨૨/૧૨/૨૦૦૬ ના રોજ પાડવામાં આવેલ. જે નોંધ તા. ૨૭/૧૨/૨૦૦૬ ના રોજ પ્રમાણીત થયેલ છે.

ત્યારબાદ વિમળાબેન મધુભાઈ ભંડેરી પાસેથી મજકુર જમીન (૧) શ્રી મગનભાઈ બાવચંદભાઈ સતાણી તથા (૨) શ્રી સુરેશભાઈ વિઠ્ઠલભાઈ વાટલીયાએ વેંચાણ રાખેલી જે અંગેનો વેંચાણ દસ્તાવેજ મે. સબ રજી. સાહેબની કચેરીમાં અનુક્રમ નંબર ૨૯૫ થી તા. ૦૪/૦૧/૨૦૦૭ થી નોંધાયેલો છે. જે અંગેની નોંધ રેવન્યુ રેકર્ડમા ગામના હકકપત્રક નમુના નં. ૬ માં એન્ટ્રી નં. ૨૧૨૩ થી તા.૦૩/૦૨/૨૦૦૭ ના રોજ પાડવામાં આવેલ. જે નોંધ તા.૨૮/૦૩/૨૦૦૭ ના રોજે પ્રમાણીત થયેલ છે.

આમ અને તે રીતે સદર રેવન્યુ સર્વે નંબર ૨૫ પૈકી, બ્લોક નંબર ૩૪/૨ થી નોંધાયેલ સુમારે ૦-૫૮-૬૮ હે.આરે.ચો.મી. ક્ષેત્રફળ વાળી જમીનના માલીક (૧) શ્રી મગનભાઈ બાવચંદભાઈ સતાણી તથા (૨) શ્રી સુરેશભાઈ વિઠ્ઠલભાઈ વાટલીયા બનેલા અને ચાલી આવેલાં.

(૩). આમ ઉપરોકત વિગતે સુરત જીલાના, તાલુકા ઉધનાના મોજે ગામ મોજે ગોડાદરાના સર્વે નંબર ૨૪/૨ ના બ્લોક નંબર ૩૩ થી નોંધાયેલ જમીનના માલીક (૧) શ્રી છગનભાઈ રામભાઈ તથા (૨) શ્રી ભરતભાઈ મધુભાઈ ગોહિલ બનેલા અને ચાલી આવેલા, તેમજ રેવનયુ સર્વે નંબર ૨૫ પૈકીના બ્લોક નંબર ૩૪/૨ થી નોંધાયેલ જમીનના માલીક (૧)શ્રી મગનભાઈ બાવચંદભાઈ સતાણી તથા (૨) શ્રી સુરેશભાઈ વિઠ્ઠલભાઈ વાટલીયા બનેલા અને ચાલી આવેલાં.

(૪). ઉપરોકત રેવન્યુ સર્વે નંબર ૨૪/૨ ના બ્લોક નંબર ૩૩ થી ૧૧૧૨૯ ચો.મીટર તથા રેવન્યુ સર્વે નંબર ૨૫ પૈકીના બ્લોક નંબર ૩૪/૨ થી ૫૮૬૮ ચો.મીટર મળી કુલ ક્ષેત્રફળ ૧૬૯૯૭ ચો.મી. જમીન જેને ટી.પી. સ્કીમ નંબર ૬૧ (પરવત-ગોડાદરા) હેઠળ ફાયનલ પ્લોટ નંબર ૮૩ થી ૧૧૩૪૦ ચો.મીટર ક્ષેત્રફળ ફાળવવામાં આવેલ છે.

(૫). ત્યારબાદ, સર્વે નંબર ૨૪/૨ ના બ્લોક નંબર ૩૩ થી નોંધાયેલ જમીનના માલીકો (૧) શ્રી છગનભાઈ રામભાઈ તથા (૨) શ્રી ભરતભાઈ મધુભાઈ ગોહિલ તેમજ રેવનયુ સર્વે નંબર ૨૫ પૈકીના બ્લોક નંબર ૩૪/૨ થી નોંધાયેલ જમીનના માલીકો (૧)શ્રી મગનભાઈ બાવચંદભાઈ સતાણી તથા (૨) શ્રી સુરેશભાઈ વિઠ્ઠલભાઈ વાટલીયાએ, આ જમીનમા

લેખનો પ્રકાર	ગામ	બ્લોક નંબર	ટી.પી.નં.	એફ.પી.નં.	સબ પ્લોટ નં.	પ્રોજેક્ટનું નામ	ફ્લેટ નં.	માપ (કાર્પેટ એરીયા ચો.મી.)
વેંચાણ	ગોડાદરા	૩૪/૨ તથા ૩૩	૬૧	૮૩	૮૩/એ	આરણ્ય-2	……..	…………..

બીનખેતીનુ કૃત્ય કરવા માટે અરજી આપતા, મે. સુરતના જિલ્લા કલેકટરશ્રીએ, પોતાના હુકમ ક્રમાંક : (જે)બખ/તપસ/રજી.નં. ૧૫૧ થી ૧૫૪/૧૦-૧૧, તા. ૨૫/૧૦/૨૦૧૦ થી જાહેર કરેલ. જે બીનખેતીના હુકમની નોંધ ગામના હકકપત્રક નમુના નં. ૬ માં તા. ૦૬/૦૪/૨૦૧૧ ના રોજ એન્ટ્રી નં. ૨૭૫૭ થી પાડવામાં આવેલ છે. જે નોંધ તા. ૨૫/૦૮/૨૦૧૧ ના રોજ પ્રમાણીત થયેલ છે.

(૬). ત્યારબાદ, મજકુર રેવન્યુ સર્વે નંબર ૨૪/૨ ના બ્લોક નંબર ૩૩ તથા રેવન્યુ સર્વે નંબર ૨૫ પૈકીના બ્લોક નંબર ૩૪/૨, ટી.પી. સ્કીમ નંબર ૬૧ (પરવત-ગોડાદરા), ફાયનલ પ્લોટ નંબર ૮૩ વાળી બીનખેતીની જમીનના સંયુકત માલીકો (૧) શ્રી છગનભાઈ રામભાઈ, (૨) શ્રી ભરતભાઈ મધુભાઈ ગોહિલ, (૩) શ્રી મગનભાઈ બાવચંદભાઈ સતાણી તથા (૪) શ્રી સુરેશભાઈ વિઠ્ઠલભાઈ વાટલીયાએ તા. ૧૪/૦૪/૨૦૧૧ ના રોજ કરેલ ભાગીદારી દસ્તાવેજના આધારે 'મે.સુખનાથ એન્ટરપ્રાઈઝ' નામની ભાગીદારી પેઢી રચેલી. જેથી મજકુર બીનખેતીની જમીનમાં ભાગીદારી પેઢી તરીકે 'મે.સુખનાથ એન્ટરપ્રાઈઝ'નું નામ તથા ભાગીદારો તરીકે (૧) છગનભાઈ રામભાઈ, (૨) ભરતભાઈ મધુભાઈ ગોહિલ, (૩) મગનભાઈ બાવચંદભાઈ સતાણી, (૪) સુરેશભાઈ વિઠ્ઠલભાઈ વાટલીયા, (૫) પરેશભાઈ ઉકાભાઈ રાણપરીયા, (૬) નમ્રતાબેન પરેશભાઈ રાણપરીયા, (૭) હિંમતભાઈ ઉકાભાઈ રાણપરીયા, (૮) ઈલાબેન હિંમતભાઈ રાણપરીયા, (૯) અરવિંદભાઈ રાઘવભાઈ કથીરીયા, (૧૦) લાલજીભાઈ જાદવભાઈ કથીરીયા, (૧૧) ધીરૂભાઈ મોહનભાઈ ધડુક, (૧૨) જયંતિભાઈ મોહનભાઈ ધડુક તથા (૧૩) રાહુલ ગોરધનભાઈ ગોડંલીયાના નામો મજકુર જમીનના રેવેન્યુ રેકર્ડ દાખલ કરવામાં આવેલ, જે અંગેની નોંધ રેવન્યુ રેકર્ડમા ગામના હકકપત્રક નમુના નં. ૬ માં એન્ટ્રી નં. ૩૧૯૫ થી તા.૨૪/૦૩/૨૦૧૨ ના રોજ પાડવામાં આવેલ. જે નોંધ તા.૧૫/૦૫/૨૦૧૨ ના રોજે પ્રમાણીત થયેલ છે.

(૭). ત્યારબાદ, આ બીનખેતીની જમીનના સંયુકત માલીકો 'મે.સુખનાથ એન્ટરપ્રાઈઝ' નામની ભાગીદારી પેઢીના ભાગીદારો (૧) શ્રી છગનભાઈ રામભાઈ, (૨) શ્રી ભરતભાઈ મધુભાઈ ગોહિલ, (૩) શ્રી મગનભાઈ બાવચંદભાઈ સતાણી તથા (૪) શ્રી સુરેશભાઈ વિઠ્ઠલભાઈ વાટલીયાએ તા. ૧૪/૦૪/૨૦૧૧ ના રોજ કરેલ ભાગીદારી દસ્તાવેજના આધારે 'મે.સુખનાથ એન્ટરપ્રાઈઝ' નામની ભાગીદારી પેઢી રચેલી. જેથી મજકુર બીનખેતીની જમીનમાં ભાગીદારી પેઢી તરીકે 'મે.સુખનાથ એન્ટરપ્રાઈઝ'નું નામ તથા ભાગીદારો તરીકે (૧) છગનભાઈ રામભાઈ, (૨) ભરતભાઈ મધુભાઈ ગોહિલ, (૩) મગનભાઈ બાવચંદભાઈ સતાણી, (૪) સુરેશભાઈ વિઠ્ઠલભાઈ વાટલીયા, (૫) પરેશભાઈ ઉકાભાઈ રાણપરીયા, (૬) નમ્રતાબેન પરેશભાઈ રાણપરીયા, (૭) હિંમતભાઈ ઉકાભાઈ રાણપરીયા, (૮) ઈલાબેન હિંમતભાઈ રાણપરીયા, (૯) અરવિંદભાઈ રાઘવભાઈ કથીરીયા, (૧૦) લાલજીભાઈ જાદવભાઈ કથીરીયા, (૧૧) ધીરૂભાઈ મોહનભાઈ ધડુક, (૧૨) જયંતિભાઈ મોહનભાઈ ધડુક તથા (૧૩) રાહુલ ગોરધનભાઈ ગોડંલીયા પૈકી અનુક્રમ નં. (૧) છગનભાઈ રામભાઈનું તા. ૦૬/૧૨/૨૦૧૪ ના રોજે અવસાન થતાં તેમના સીધી લીટીના વારસદારો તરીકે (૧) શ્રી સોનલબેન છગનભાઈ તે છગનભાઈ રામભાઈની પુત્રી તથા પ્રવિણભાઈ રાજપરાની પત્ની, (૨) વિપુલભાઈ છગનભાઈ, (૩) શ્રી હંસાબેન છગનભાઈ તે છગનભાઈ રામભાઈની પુત્રી તથા વિપુલભાઈ સાવલીયાની પત્ની, (૪) શ્રી લીલાબેન છગનભાઈ તે છગનભાઈ રામભાઈની પત્ની તથા (૫) શ્રી મોનિકાબેન છગનભાઈ તે છગનભાઈ રામભાઈની પુત્રી તથા ભાવેશભાઈ કચ્છીની પત્ની ના નામો દાખલ કરવામાં આવ્યા, જે અંગેની નોંધ રેવન્યુ રેકર્ડમા ગામના

હકકપત્રક નમુના નં. ૬ માં એન્ટ્રી નં. ૪૪૯૪ થી તા.૧૯/૦૮/૨૦૧૫ ના રોજ પાડવામાં આવેલ. જે નોંધ તા.૧૫/૧૦/૨૦૧૬ ના રોજે પ્રમાણીત થયેલ છે.

(૮). ત્યારબાદ, મર્હુમ શ્રી છગનભાઈ રામભાઈના વારસદારો (૧) શ્રી વિપુલભાઈ છગનભાઈ, (૨) શ્રી સોનલબેન છગનભાઈ તે છગનભાઈ રામભાઈની પુત્રી તથા પ્રવિણભાઈ રાજપરાની પત્ની, (૩) શ્રી હંસાબેન છગનભાઈ તે છગનભાઈ રામભાઈની પુત્રી તથા વિપુલભાઈ સાવલીયાની પત્ની, (૪) શ્રી લીલાબેન છગનભાઈ તે છગનભાઈ રામભાઈની પત્ની તથા (૫) શ્રી મોનિકાબેન છગનભાઈ તે છગનભાઈ રામભાઈની પુત્રી તથા ભાવેશભાઈ કચ્છીની પત્ની પૈકી અનું. નં. (૨) થી (૫) નાએ પોતાના વણ-વહેંચાયેલ હિસ્સા વાળી જમીન અંગે તા. ૧૪/૧૨/૨૦૧૬ ના રોજ કરેલ બિન અવેજી રીલીઝ દસ્તાવેજ નં. ૧૪૩૫૨ થી અનું. નં. (૧) શ્રી વિપુલભાઈ છગનભાઈ ની તરફેણમાં પોતાનો હકક હીસ્સો છોડેલ હોય, જે અંગેની નામ કમીની નોંધ રેવન્યુ રેકર્ડમા ગામના હકકપત્રક નમુના નં.૬ માં એન્ટ્રી નં. ૪૫૧૫ થી તા.૨૦/૦૩/૨૦૧૭ ના રોજ પાડવામાં આવેલ.જે નોંધ તા. તા.૨૦/૦૫/૨૦૧૭ ના રોજે પ્રમાણીત થયેલ છે.

(૯). આમ અને તે રીતે મજકુર રેવન્યુ સર્વે નંબર ૨૪/૨ ના બ્લોક નંબર ૩૩ તથા રેવન્યુ સર્વે નંબર ૨૫ પૈકીના બ્લોક નંબર ૩૪/૨, ટી.પી. સ્કીમ નંબર ૬૧ (પરવત-ગોડાદરા), ફાયનલ પ્લોટ નંબર ૮૩ વાળી બીનખેતીની જમીન સંયુકત માલીકો તરીકે 'મે.સુખનાથ એન્ટરપ્રાઈઝ' નામની ભાગીદારી પેઢીના ભાગીદારો (૧) શ્રી ભરતભાઈ મધુભાઈ ગોહિલ, (૨) શ્રી મગનભાઈ બાવચંદભાઈ સતાણી તથા (૩) શ્રી સુરેશભાઈ વિઠ્ઠલભાઈ વાટલીયા, (૪) પરેશભાઈ ઉકાભાઈ રાણપરીયા, (૫) નમ્રતાબેન પરેશભાઈ રાણપરીયા, (૬) હિંમતભાઈ ઉકાભાઈ રાણપરીયા, (૭) ઈલાબેન હિંમતભાઈ રાણપરીયા, (૮) અરવિંદભાઈ રાઘવભાઈ કથીરીયા, (૯) લાલજીભાઈ જાદવભાઈ કથીરીયા, (૧૦) ધીરૂભાઈ મોહનભાઈ ધડુક, (૧૧) જયંતિભાઈ મોહનભાઈ ધડુક, (૧૨) રાહુલ ગોરધનભાઈ ગોડંલીયા તથા (૧૩) શ્રી વિપુલભાઈ છગનભાઈ બનેલા અને ચાલી આવેલા.

(૧૦). ત્યારબાદ, આ બીનખેતીની જમીનના સંયુકત માલીકો 'મે.સુખનાથ એન્ટરપ્રાઈઝ' નામની ભાગીદારી પેઢીના ભાગીદારો (૧) શ્રી ભરતભાઈ મધુભાઈ ગોહિલ, (૨) શ્રી મગનભાઈ બાવચંદભાઈ સતાણી તથા (૩) શ્રી સુરેશભાઈ વિઠ્ઠલભાઈ વાટલીયા, (૪) પરેશભાઈ ઉકાભાઈ રાણપરીયા, (૫) નમ્રતાબેન પરેશભાઈ રાણપરીયા, (૬) હિંમતભાઈ ઉકાભાઈ રાણપરીયા, (૭) ઈલાબેન હિંમતભાઈ રાણપરીયા, (૮) અરવિંદભાઈ રાઘવભાઈ કથીરીયા, (૯) લાલજીભાઈ જાદવભાઈ કથીરીયા, (૧૦) ધીરૂભાઈ મોહનભાઈ ધડુક, (૧૧) જયંતિભાઈ મોહનભાઈ ધડુક, (૧૨) રાહુલ ગોરધનભાઈ ગોડંલીયા તથા (૧૩) શ્રી વિપુલભાઈ છગનભાઈ પૈકી અનુ. નં. (૧૩) શ્રી વિપુલભાઈ છગનભાઈએ રજી. ભાગીદાર છુટા થયાનો લેખ નં.૬૬૫૮, તા.૧૭/૧૦/૨૦૧૭ થી અનુ. નં. (૧૩) શ્રી વિપુલભાઈ છગનભાઈ ભાગીદાર તરીકે છુટા થયેલ હોય જે અંગે બ્લોક નંબર ૩૩ તથા ૩૪/૨ વાળી જમીનમાંથી છુટા થયેલ. જે અંગેની નોંધ રેવન્યુ રેકર્ડમા ગામના હકકપત્રક નમુના નં. ૬ માં બ્લોક નંબર ૩૩ માં એન્ટ્રી નં. ૪૫૪૭ થી તા. ૩૦/૦૧/૨૦૧૮ ના રોજ પાડવામાં આવેલ. જે નોંધ તા.૨૭/૦૩/૨૦૧૮ ના રોજે પ્રમાણીત થયેલ છે. તથા બ્લોક નંબર ૩૪/૨ માં એન્ટ્રી નં. ૪૫૫૦ થી તા. ૨૮/૦૨/૨૦૧૮ ના રોજ પાડવામાં આવેલ, જે નોંધ તા.૦૯/૦૫/૨૦૧૮ ના રોજે પ્રમાણીત થયેલ છે.

લેખનો પ્રકાર	ગામ	બ્લોક નંબર	ટી.પી.નં.	એફ.પી.નં.	સબ પ્લોટ નં.	પ્રોજેકટનું નામ	ફલેટ નં.	માપ (કાર્પેટ એરીયા ચો.મી.)
વેંચાણ	ગોડાદરા	૩૪/૨ તથા ૩૩	૬૧	૮૩	૮૩/એ	આરણ્ય-2	....	....

....

(**'તન્વી ઈન્ફ્રાકોન' એક ભાગીદારી પેઢી** તરફે તેના
કાર્યકારી ભાગીદાર ....)

(૧૧). ત્યારબાદ આ બીનખેતીની જમીનના સંયુકત માલીકો 'મે.સુખનાથ એન્ટરપ્રાઈઝ' નામની ભાગીદારી પેઢીના ભાગીદારો (૧) શ્રી ભરતભાઈ મધુભાઈ ગોહિલ, (૨) શ્રી મગનભાઈ બાવચંદભાઈ સતાણી તથા (૩) શ્રી સુરેશભાઈ વિઠ્ઠલભાઈ વાટલીયા, (૪) પરેશભાઈ ઉકાભાઈ રાણપરીયા, (૫) નમ્રતાબેન પરેશભાઈ રાણપરીયા, (૬) હિંમતભાઈ ઉકાભાઈ રાણપરીયા, (૭) ઈલાબેન હિંમતભાઈ રાણપરીયા, (૮) અરવિંદભાઈ રાઘવભાઈ કથીરીયા, (૯) લાલજીભાઈ જાદવભાઈ કથીરીયા, (૧૦) ધીરૂભાઈ મોહનભાઈ ધડુક, (૧૧) જયંતિભાઈ મોહનભાઈ ધડુક, (૧૨) રાહુલ ગોરધનભાઈ ગોડંલીયા પાસેથી મજકુર રેવન્યુ સર્વે નંબર ૨૪/૨ ના બ્લોક નંબર ૩૩ થી ૧૧૧૨૯ ચો.મીટર તથા રેવન્યુ સર્વે નંબર ૨૫ પૈકીના બ્લોક નંબર ૩૪/૨ થી ૫૮૬૮ ચો.મીટર મળી કુલ ક્ષેત્રફળ ૧૬૯૯૭ ચો.મી. જમીન જેને ટી.પી. સ્કીમ નંબર ૬૧ (પરવત-ગોડાદરા) હેઠળ ફાયનલ પ્લોટ નંબર ૮૩ થી ૧૧૩૪૦ ચો.મીટર ક્ષેત્રફળ વાળી બીનખેતીની પૈકી **સબ પ્લોટ નં.૮૩/એ** વાળી સુમારે **૬૦૨૭ ચો.મી. ક્ષેત્રફળની** બીનખેતીની જમીન **'તન્વી ઈન્ફ્રાકોન'** એક ભાગીદારી પેઢીએ વેંચાણ રાખેલી જે અંગેનો વેંચાણ દસ્તાવેજ મે. સબ રજી. સાહેબની કચેરીમાં અનુક્રમ નંબર ૧૩૧૩૮ થી તા. ૨૮/૦૯/૨૦૧૮ થી નોંધાયેલો છે. જે અંગેની નોંધ રેવન્યુ રેકર્ડમા ગામના હકકપત્રક નમુના નં. ૬ માં એન્ટ્રી નં. ૪૫૮૬ થી તા.૦૨/૧૧/૨૦૧૮ ના રોજ પાડવામાં આવેલ. જે નોંધ તા.૦૨/૦૧/૨૦૧૯ ના રોજે પ્રમાણીત થયેલ છે.

સબબ, સુરત ડિસ્ટ્રીકટ, સબ-ડિસ્ટ્રીકટ તાલુકે ઉધનાના મોજે ગામ ગોડાદરાના રેવન્યુ સર્વે નંબર ૨૪/૨ ના બ્લોક નંબર ૩૩ થી ૧૧૧૨૯ ચો.મીટર તથા રેવન્યુ સર્વે નંબર ૨૫ પૈકીના બ્લોક નંબર ૩૪/૨ થી ૫૮૬૮ ચો.મીટર મળી કુલ ક્ષેત્રફળ ૧૬૯૯૭ ચો.મી. જમીન જેને ટી.પી. સ્કીમ નંબર ૬૧ (પરવત-ગોડાદરા) હેઠળ ફાયનલ પ્લોટ નંબર ૮૩ થી ૧૧૩૪૦ ચો.મીટર ક્ષેત્રફળ ફાળવેલ છે તે બીનખેતીની જમીન પૈકી **સબ પ્લોટ નં.૮૩/એ** વાળી સુમારે **૬૦૨૭ ચો.મી. ક્ષેત્રફળની** બિનખેતીની જમીનના સંપુર્ણ માલિક, મુખત્યાર અને પ્રત્યક્ષ કબ્જેદાર **તન્વી ઈન્ફ્રાકોન** એક ભાગીદારી પેઢી બનેલાં અને ચાલી આવેલા.

સદર **'તન્વી ઈન્ફ્રાકોન'** એક ભાગીદારી પેઢી, મે. જુનાગઢના રજીસ્ટ્રાર ઓફ ફર્મ્સમાં અનુક્રમ નં. ૫૫૨, થી તા.૨૬/૦૬/૨૦૧૮ ના રોજે ફર્મ નં. GUJRJ201840 થી નોંધાયેલ છે. ત્યારબાદ સદર **'તન્વી ઈન્ફ્રાકોન'** એક ભાગીદારી પેઢીના ભાગીદારો (૧) અજીત હરદાસ ખોડભાયા, (૨) દેવસી લખમણ ભાટુ તથા (૩) જગમાલ માલદે ભાટુ પૈકી નં. (૧) અજીત હરદાસ ખોડભાયા, (૨) દેવસી લખમણ ભાટુ સદર ભાગીદારી પેઢી માંથી છુટા થયેલ તથા (૧) રાજેશ માલદે ભાટુ, (૨) પ્રશાંત નટુભાઈ ભાટુ તથા (૩) કિશોરભાઈ ભીખાભાઈ ચાવડા ભાગીદાર તરીકે દાખલ થયેલ, જે અંગેના સુધારાના લેખથી સદર **'તન્વી ઈન્ફ્રાકોન'** ભાગીદારી પેઢી ફર્મ નં. GUJRJ201840 માં મે. જુનાગઢના રજીસ્ટ્રાર ઓફ ફર્મ્સમાં એન્ટ્રી નં.૪ થી તા.૨૬/૦૭/૨૦૧૯ ના રોજ સુધારો નોંધાયેલ છે. જેથી સદર **'તન્વી ઈન્ફ્રાકોન'** એક ભાગીદારી પેઢીના ભાગીદારો (૧) જગમાલ માલદે ભાટુ, (૨) રાજેશ માલદે ભાટુ, (૩) પ્રશાંત નટુભાઈ ભાટુ તથા (૩) કિશોરભાઈ ભીખાભાઈ ચાવડા બનેલા અને ચાલી આવેલા.

(૧૨). ત્યારબાદ મજકુર ગોડાદરાના બ્લોક નંબર ૩૩ તથા ૩૪/૨ થી નોધાયેલી ટી.પી. : ૬૧ (પરવત-ગોડાદરા), એફ.પી. : ૮૩ પૈકી **સબ પ્લોટ નં.૮૩/એ** વાળી સુમારે **૬૦૨૭ ચો.મી. ક્ષેત્રફળની** બિનખેતીની જમીનના સંપુર્ણ માલિક **'તન્વી ઈન્ફ્રાકોન'** એક ભાગીદારી પેઢીએ આ જમીનમાં બાંધકામ કરવાના પ્લાન સુરત મહાનગરપાલીકામાં મંજુરી માટે રજુ કરતાં,

લેખનો પ્રકાર	ગામ	બ્લોક નંબર	ટી.પી.નં.	એફ.પી.નં.	સબ પ્લોટ નં.	પ્રોજેકટનું નામ	ફલેટ નં.	માપ (કાર્પેટ એરીયા ચો.મી.)
વેંચાણ	ગોડાદરા	૩૪/૨ તથા ૩૩	૬૧	૮૩	૮૩/એ	આરણ્ય-2	....	....

....

('**તન્વી ઈન્ફ્રાકોન' એક ભાગીદારી પેઢી** તરફે તેના કાર્યકારી ભાગીદાર ....)

સુરત મહાનગરપાલીકાએ સદર પ્લાન મંજુર કરી, બાંધકામની પરવાનગી રજાચીઠ્ઠી નંબર : ટી.ડી.ઓ./ડી.પી./નં.૮૯, તા.૦૯/૦૯/૨૦૧૯ ના રોજે આપેલ.

(૧૩). ત્યારબાદ, સદરહુ મોજે ગામ ગોડાદરાના રેવન્યુ સર્વે નંબર ૨૪/૨ ના બ્લોક નંબર ૩૩ થી ૧૧૧૨૯ ચો.મીટર તથા રેવન્યુ સર્વે નંબર ૨૫ પૈકીના બ્લોક નંબર ૩૪/૨ થી ૫૮૬૮ ચો.મીટર મળી કુલ ક્ષેત્રફળ ૧૬૯૯૭ ચો.મી. જમીન જેને ટી.પી. સ્કીમ નંબર ૬૧ (પરવત-ગોડાદરા) હેઠળ ફાયનલ પ્લોટ નંબર ૮૩ થી ૧૧૩૪૦ ચો.મીટર ક્ષેત્રફળ વાળી બીનખેતીની પૈકી **સબ પ્લોટ નં.૮૩/એ** વાળી સુમારે **૬૦૨૭ ચો.મી. ક્ષેત્રફળની** બીનખેતીની જમીનમાં ફલેટ ટાઈપની અલગ-અલગ બહુમાળી ઈમારતોનું બાંધકામ હમો બીજા પક્ષના યાને **'તન્વી ઈન્ફ્રાકોન'** એક ભાગીદારી પેઢી કરનાર છીએ. જે **"આરણ્ય-2"** ના નામથી ઓળખાય છે. જેમાં બિલ્ડીગ-A, બિલ્ડીગ-B, બિલ્ડીગ-C, બિલ્ડીગ-D, બિલ્ડીગ-E, બિલ્ડીગ-F મળી કુલ ૬ (છ) અલગ-અલગ એપાર્ટમેન્ટોનું બાંધકામ કરવાનું આયોજન કરેલ, જેનું કામ હાલ પ્રગતિમાં છે. જે પરીયોજનાને **"આરણ્ય-2"** તરીકે ઓળખવામાં આવશે. જે બીજા પક્ષના પ્રયોજક/પ્રમોટરની પરીયોજના છે.

"આરણ્ય-2" માં આવેલ ઈમારતો પૈકી **બિલ્ડીગ-A/B/C/D/E/F** ના **.......માં માળે** આવેલ ફલેટ નંબર **A/B/C/D/E/F-.....** વાળી સુમારે ...... ચો. ફુટ યાને .... ચો. મીટર કાર્પેટ ક્ષેત્રફળના બાંધકામ વાળી મિલ્કત/ફલેટ આવેલ છે. જેને હવે પછી આ દસ્તાવેજમાં સદરહુ મિલ્કત તરીકે આળખવામાં યા સંબોધવામાં આવશે.

(૧૬). હમો બીજા પક્ષનાએ સદરહુ **"આરણ્ય-2"** પ્રોજેકટની નોંધણી ધી રીઅલ એસ્ટેટ (રેગ્યુલેશન એન્ડ ડેવલપમેન્ટ) એકટ-૨૦૧૬ મુજબ નોંધણી કરાવેલ છે. જે ગુજરાત રીઅલ એસ્ટેટ રેગ્યુલેટરી અથોરીટીના દફતરે નોંધણી માટે તા.../../૨૦૧.. ના રોજ અરજી કરેલ, જે અંગેનું રજીસ્ટ્રેશન સર્ટીફીકેટ - .... નંબર થી ગુજરાત રીઅલ એસ્ટેટ નિયમનકારી સતા મંડળે તા.../../૨૦૧.. ના રોજ આપેલ છે.

(૧૭). **"આરણ્ય-2"** માં આવેલ ઈમારતો પૈકી **બિલ્ડીગ-A/B/C/D/E/F** ના **.......માં માળે** આવેલ ફલેટ નંબર **A/B/C/D/E/F-.....** નો કાર્પેટ એરીયા, બાલ્કની એરીયા, વોશ અરીયા નીચે મુજબ છે.

ફલેટનો કાર્પેટ એરીયા	ચો. ફુટ	ચો. મીટર
બાલ્કની એરીયા	ચો. ફુટ	ચો. મીટર
વોશ અરીયા	ચો. ફુટ	ચો. મીટર

(કાર્પેટ એરીયા એટલે એપાર્ટમેન્ટની બહારની ૧૦૦ ચો. મીટર પહોળી દિવાલો, સર્વિસ શાફટસ, એક્ષકલુઝીવ બાલ્કની અથવા વરંડાનુ ક્ષેત્રફળ અને ખુલ્લી ટેરેસનું ક્ષેત્રફળ બાદ કર્યા પછીનો એપાર્ટમેન્ટનો ચોખ્ખો વપરાશ પાત્ર વિસ્તાર પરંતુ તેમા એપાર્ટમેન્ટની અંદરની પાર્ટીશન દિવાલોનો વિસ્તાર તેમજ સ્ટ્રકચરલ મેમ્બર્સ, પ્લાસ્ટર કામ, સ્કર્ટીગ કે કોઈપણ પ્રકારના ફીનીશીંગ કામોનો સમાવેશ થાય છે.) અને આ માપની પધ્ધતિ પહેલા પક્ષનાને સંપુર્ણપણે સમજાવેલ અને પહેલા પક્ષનાએ તેને કબૂલ, મંજુર રાખીને ફલેટ ખરીદ કરવાનું

નકકી કરેલ હતુ. જેથી કાર્પેટ એરીયા ગણવાની પધ્ધતિ અંગે પહેલા પક્ષનાએ બીજા પક્ષના સાથે કોઈપણ જાતના વાદ-વિવાદ કરવા-કરાવવાના નથી અને કરે-કરાવે તો તે આથી રદબાતલ થાય સહી. જે મુજબ તમો પહેલા પક્ષનાએ હમો બીજા પક્ષના પાસેથી **ફ્લેટ નં. ABCDEF-......** ખરીદ કરવાનું નકકી કરેલ. જેનો હમો બીજા પક્ષના તમો પહેલા પક્ષનાને આજરોજ આ વેચાણ દસ્તાવેજ કરી આપીએ છીએ. જેનું વર્ણન અને વિગત પરિશિષ્ટ-૨ માં દર્શાવવામાં આવેલ છે.

(૧૮). **''આરણ્ય-2''** માં આવેલ ઈમારતો પૈકી **બિલ્ડીંગ-A/B/C/D/E/F** ના **.......માં માળે** આવેલ ફ્લેટ નંબર A/B/C/D/E/F-..... વાળી ખાસ કરીને નીચે જણાવેલ વર્ણન અને વિગત વાળી મિલ્કત/ફ્લેટ હમો બીજા પક્ષનાએ તમો પહેલા પક્ષનાને **રૂા.........../- અંકે રૂપિયા .... પુરા** ના કિંમતી અવેજ બદલ વેચાણ આપી છે. તેનો હમો બીજા પક્ષના તમો પહેલા પક્ષનાને આ વેચાણ દસ્તાવેજ આ લેખમાં જણાવેલ શરતોને આધિન કરી આપીએ છીએ. જેને હવે પછી આ દસ્તાવેજમાં સદરહુ મિલ્કત તરીકે આળખવામાં યા સંબોધવામાં આવશે.

(૧૯). સદરહુ મિલ્કતનો અવેજ આપણી વચ્ચે **રૂા.........../- અંકે રૂપિયા .... પુરા** નકકી કરવામાં આવેલો અને તે અવેજ બદલ સદરહુ મિલ્કત હમો બીજા પક્ષનાએ તમો પહેલા પક્ષનાને વેચાણ આપવા નકકી કરેલુ. તમો પહેલા પક્ષના અને હમો બીજા પક્ષના વચ્ચે સદરહુ મિલ્કત અંગેનો વેચાણ અંગેનો કરાર તા. ../../.... ના રોજે કરવામાં આવેલ, જે વેચાણ અંગેનો કરાર સુરત સીટી-૧(અઠવા) ની સબ રજીસ્ટ્રાર ની કચેરીમાં તા. ../../.... ના રોજ અનુક્રમ નં...... થી નોંધાયેલ. સદરહુ કરારની તમામ શરતોનું હમો બીજા પક્ષના દ્વારા સંપુર્ણપણે પાલન થયેલ છે તેમજ તમો પહેલા પક્ષના તથા તમો પહેલા પક્ષનાના ટ્રાન્સફરીઓ, એસાઇનીઓ દ્વારા પણ સદરહુ કરારની તમામ શરતોનું સંપુર્ણપણે પાલન કરવાનું છે.

તમો પહેલા પક્ષનાએ હમો બીજા પક્ષનાને વેચાણ અવેજના **રૂા.........../- અંકે રૂપિયા .... પુરા** નીચે મુજબ ચુકવી આપ્યા છે.

ક્રમ	બેંકનું નામ	તારીખ	ચેક નંબર	રકમ રૂા.
૧				
૨				
૩				
કુલ રકમ રૂપિયા				

જે હમો બીજા પક્ષનાને મળ્યા છે. વેચાણ અવેજની સંપુર્ણ રકમ મળ્યા બાબતની હમો બીજા પક્ષના આથી પાકી પહોંચ, પાવતી, રસીદ સ્વીકારીએ છીએ.

(૨૦). સબબ, સદરહુ વેચાણના અવેજના **રૂા.........../- અંકે રૂપિયા .... પુરા** ના કિંમતી અવેજના બદલામાં નીચે જણાવેલા વર્ણન અને વિગત વાળી સ્થાવર મિલ્કત હમો બીજા પક્ષનાએ તમો પહેલાં પક્ષનાને વેચાણ આપી છે. અને તેના હમો જેવા સંપૂર્ણ અને સ્વતંત્ર માલિક હતાં તેવા તમો પહેલા પક્ષનાને સંપૂર્ણ અને સ્વતંત્ર માલિક બનાવ્યા છે. અને તમોને સદરહુ મિલ્કત યાવતચંદ્ર દિવાકરો સુધી વેચાણ આપી છે. હમોએ સદરહુ મિલ્કત હમો તથા હમારા વંશવાલી, વારસોના પ્રત્યક્ષ કબજા-ભોગવટા માંથી તમો તથા

તમારા વંશવાલી, વારસોના પ્રત્યક્ષ કબજા-ભોગવટા વહીવટમાં મીલકી હકકે સોંપી છે અને તમો પહેલા પક્ષનાને સદરહુ ફ્લેટના સંપૂર્ણ અને સ્વતંત્ર માલિક મુખત્યાર અનેપ્રત્યક્ષ કબ્જેદાર બનાવ્યા છે. સદરહુ મિલ્કતનો તમો પહેલા પક્ષનાએ જોઈ તપાસીને કબજો સ્વીકારેલ છે. સદરહુ મિલ્કતની સ્થળ સ્થિતિ, ક્ષેત્રફળ, ગુણવતા વિગેરે તમો પહેલા પક્ષનાએ જોઈ તપાસીને કબજો સ્વીકારેલ છે. જે અંગે તમો પહેલા પક્ષનાએ કોઈ તર-તકરાર કરવા -કરાવવાની નથી, અને કરવા-કરાવવામાં આવે તો આથી રદબાતલ થાય સહી. સદરહુ બાંધકામ પુર્ણ થયા અંગેનું કંપલીશન સર્ટીફીકેટ તમો પહેલાં પક્ષનાને મળેલ છે. જે જોઈને તમોએ કબજો સ્વીકારેલ છે.

(૨૧). હમો બીજા પક્ષના તમો પહેલા પક્ષનાને બાંહેધરી આપીએ છીએ કે, હમો બીજા પક્ષનાએ સદરહુ નીચે દર્શાવેલ મિલ્કત કોઈને વેંચાણ, ગીરો, બક્ષિસ કે અન્ય કોઈપણ રીતે ટ્રાન્સફર કે એસાઈન કરી-કરાવી નથી કે તે અંગેનો કોઈની સાથે કોઈપણ જાતનો લેખિત કે મૌખિક કરાર કરેલો નથી તેમજ કોઈપણ કોર્ટના ટાંચ, તારણ, જપ્તી, અવલજપ્તી, મનાઈ હુકમ કે અન્ય કોઈપણ જાતના કોર્ટ પ્રકરણોમાં સંડોવાયેલી નથી. તેમજ મજકુર મિલ્કતમા કોઈનો પણ આવવા-જવાનો, રહેઠાંણનો, ભરણ-પોષણનો, હવા-ઉજાસનો, પાણી નિકાલનો કે અન્ય કોઈપણ જાતના ઈઝમેન્ટના હકકો કે અધિકાર ન હતા અને નથી. તેમજ મજકુર મિલ્કત અંગે હમો બીજા પક્ષનાએ કોઈપણ જાતનુ ટ્રસ્ટ કે સેટલમેન્ટ કર્યુ-કરાવ્યુ નથી, કે મજકુર મિલ્કત કોઈપણ જાતના એકવીઝીશન, રીઝર્વેશન યા એલાઈનમેન્ટમા નથી કે તે અંગેની કોઈપણ નોટીસ હમો બીજા પક્ષનાને આજદીન સુધી મળી નથી, તેમજ મજકુર મિલ્કત પર હમો બીજા પક્ષનાએ કોઈપણ બેંક, શાહુકારી પેઢ ી, શરાફી મંડળી યા નાણાકીય સંસ્થા પાસેથી કોઈપણ જાતની લોન કે ધિરાણ સવલત મેળવેલ નથી, તેમજ મજકુર મિલ્કત કોઈપણ બેંક યા નાણાકીય સંસ્થા પાસેથી કોઈપણ જાતની લોન કે ધિરાણની સવલત મેળવેલ નથી, તેમજ મજકુર મિલ્કત કોઈપણ બેંક યા કોર્ટમાં જામીનગીરીમાં લખી આપેલ નથી તેમજ તેના દસ્તાવેજો અનામત તરીકે કોઈને સોંપ્યા નથી.ટુંકમાં મજકુર તમોને વેચાણ આપેલી મિલ્કત તદન નકરજી, નબોજી, બિનજોખમી અને તદન ચોખ્ખે-ચોખ્ખા કલીયર માર્કેટેબલ ટાઈટલ વાળી છે તેમજ તે ઉપર કરવામાં આવેલા બાંધકામ બાબતે તમો ખરીદનારે સ્વયં ટાઈટલ ચોખ્ખા હોવાની તમારા લીગલ એડવાઈઝર પાસે તેમજ બાંધકામની ગુણવતા, માલ-સામાન, અન્ય સામગ્રી, ફીટીંગ્સ, ફાયર સેફટીના, ઈલેકટ્રીક સામાન, ફીકચર્સ વગેરેની ગુણવતા માન્ય એન્જીનીયર પાસે તપાસ કરી મિલ્કત ખરીદ કરેલ છે અને મજકુર મિલ્કતની હાલની સ્થિતીની તમો વેચાણ લેનારાએ ટાઈટલ બાબતની તપાસ કરી વેંચાણ લીધેલ છે. માટે હાલમા કે ભવિષ્યમાં બાંધકામની ગુણવતા બાબતે તમો પહેલા પક્ષનાએ હમો બીજા પક્ષના સાથે કોઈ તર-તકરાર કરવા-કરાવવાની નથી.

(૨૨). સદરહુ પ્રોજેકટ બી.યુ. પરમીશન મેળવ્યા બાદ વધારાની એફ.એસ.આઈ., કોમન એરિયા તથા ધાબાનો હકક, હિસ્સો પ્રમોટરનો રહેશે નહી, તેનો તમામ હકક સોસાયટી કે એસોસિએશનનો રહેશે.

(૨૩). સદરહુ 'આરણ્ય-2' માં આવેલાં એપાર્ટમેન્ટોમાં સમાન્ય સગવડો જેવી કે રસ્તા, પસેજ, પાર્કિંગ, સી.ઓ.પી., દાદર, લીફટ, પાણીની ટાંકી વિગેરે સમાન્ય સગવડો તમામ હોલ્ડરો માટે રાસુકી છે. તે તમામ ભાગોવાળી જમીન કે જગ્યામાં પહેલાં પક્ષનાએ કોઈપણ પ્રકારનું બાંધકામ કરવા-કરાવવાનું નથી. તેમજ કોઈપણ માલ-સામાન, ચીજવસ્તુ વિગેરે મુકવાના

લેખનો પ્રકાર	ગામ	બ્લોક નંબર	ટી.પી.નં.	એફ.પી.નં.	સબ પ્લોટ નં.	પ્રોજેકટનું નામ	ફલેટ નં.	માપ (કાર્પેટ એરીયા ચો.મી.)
વેંચાણ	ગોડાદરા	૩૪/૨ તથા ૩૩	૬૧	૮૩	૮૩/એ	આરણ્ય-2	....	....

....
(**'તન્વી ઈન્ફ્રાકોન' એક ભાગીદારી પેઢી** તરફે તેના
કાર્યકારી ભાગીદાર ....)

....

નથી. સદરહુ 'આરણ્ય-2' માં આવેલાં એપાર્ટમેન્ટોમાં સમાન્ય સગવડો રસ્તા, પસેજ, પાર્કિંગ, સી.ઓ.પી., દાદર, લીફટ, પાણીની ટાંકી વિગેરે જે કાંઇ રાખવામાં આવ્યા છે તેનો પહેલાં પક્ષનાએ અન્ય હોલ્ડરો સાથે રાસુકો વપરાશ અને ઉપયોગ કરવાનો છે. તેનો ફાળે પડતો નિભાવ ખર્ચ તમો પહેલાં પક્ષનાએ સર્વિસ અસોસીએશન યા સર્વિસ સોસાયટીને આપવાનો છે.

સદરહુ 'આરણ્ય-2' પ્રોજેકટમાં આવેલાં એપાર્ટમેન્ટોમાં સમાન્ય સગવડો જેવી કે રસ્તા, પસેજ, પાર્કિંગ, સી.ઓ.પી., વિગેરે સમાન્ય સગવડો તમામ હોલ્ડરો માટે રાસુકી છે તે તમામ કોમન એરીયા વાળી જમીનમાં સરકારી, અર્ધ-સરકારી, સીટી સર્વે દફતરે, મહાનગરપાલીકા દફતરે હમો બીજા પક્ષના યાને પ્રમોટરનું નામ ચાલે છે, તે તમામ હકકો, અધિકારો અંગે જે તે દફતરે હમો બીજા પક્ષનાનું નામ કમી કરાવી 'આરણ્ય-2' પ્રોજેકટની નોંધાયેલી સર્વિસ અસોસીએશન યા સર્વિસ સોસાયટીનું નામ દાખલ કરવા સર્વિસ અસોસીએશન યા સર્વિસ સોસાયટી હકકદાર રહેશે, અને તેમા જોઈતી તમામ પ્રકારની સહી-સંમતિ-કબુલાત હમો બીજા પક્ષનાએ વિના તકરારે અને વિના અવેજે આપવાની છે સહી. જેથી આવા તમામ હકકો, અધિકારો સર્વિસ અસોસીએશન યા સર્વિસ સોસાયટીએ ટ્રાન્સફર કરાવી લેવાના રહેશે તેમજ હમો બીજા પક્ષના યાને પ્રમોટરે કરી આપવાના રહેશે. સહી.

(૨૪). સદરહુ **'આરણ્ય-2'** માં આવેલાં એપાર્ટમેન્ટોના ફલેટ ધારણ કરનારાઓના સર્વિસ અસોસીએશન યા સર્વિસ સહકારી મંડળીની રચના કરવામાં યા સ્થાપના કરવામાં આવે તો પહેલાં પક્ષના તેના આપોઆપ સભ્ય થયેલા ગણાશે અને સર્વિસ અસોસીએશન યા સર્વિસ સહકારી મંડળી વખતો-વખત જે કાંઇ નિયમો, ધારા-ધોરણ બનાવે તેનું તમો પહેલા પક્ષનાએ પાલન કરવાનું છે અને તે મુજબ વર્તન કરવાનું છે, અને ઉપરોકત તમામ રાસુકી સગવડોની ફાળે પડતી મેઈન્ટેનન્સ વિગેરેની રકમ તમો પહેલાં પક્ષનાએ સર્વિસ અસોસીએશન યા સર્વિસ સહકારી મંડળીને ભરપાઇ કરવાની છે.

(૨૫). સદરહુ **'આરણ્ય-2'** માં આવેલાં એપાર્ટમેન્ટોના ભોયતળીએ પાર્કીગ તથા માળોના ભાગમાં કોમન પેસેજ વાળી જગ્યા આવેલી છે. જે જગ્યાનો તમો પહેલાં પક્ષના યા તમો પહેલાં પક્ષના થકી અન્ય કોઇએ આવવા જવા માટે વપરાશ કરવાનો છે.

(૨૬). સદરહુ **'આરણ્ય-2'** માં આવેલાં એપાર્ટમેન્ટોના કોમન પેસેજ વાળી જગ્યાની તથા રાસુકા વપરાશના દાદર વાળી યા અન્ય રાસુકા રાસુકા વપરાશની જગ્યાની દિવાલોમાં યા અન્ય દિવાલો ઉપર તમો પહેલાં પક્ષનાએ કોઇપણ લખાણ લખવાનું નથી યા ચીતરવાનું નથી અને તે દિવાલો હાલ છે તેવી જ રાખવાની છે.

(૨૭). તમો પહેલા પક્ષનાને વેચાણ આપેલ ફલેટની બારી ની ગ્રીલ બનાવવા સિવાય, ફલેટના એલીવેશનના કે પેસેજ વાળા ભાગમા ફુલ-છોડ કે ઝાડ રાખી શકશો નહી તથા પોતાના એરકન્ડીશન/કુલર જેવા યુનીટના પાણીના નિકાલ માટે વ્યવસ્થિત રીતે પાઇપ લાઇનની વ્યવસ્થા કરી, બિલ્ડીગને કે બિલ્ડીગના કલરને આજુ-બાજુમા રહેતા સભ્યોને કે ભોંયતળીયે પાર્કીગમાં મુકાતા વાહનો કે અવર-જવર કરતા વ્યકિતઓને કોઈ ન્યુસન્સ થાય તે રીતે કોઈ પ્રવૃતિ તમો પહેલા પક્ષના કરી શકશો નહી.

લેખનો પ્રકાર	ગામ	બ્લોક નંબર	ટી.પી.નં.	એફ.પી.નં.	સબ પ્લોટ નં.	પ્રોજેકટનું નામ	ફલેટ નં.	માપ (કાર્પેટ એરીયા ચો.મી.)
વેંચાણ	ગોડાદરા	૩૪/૨ તથા ૩૩	૬૧	૮૩	૮૩/એ	આરણ્ય-2	……..	…………..

………………………………………………………

(**'તન્વી ઈન્ફ્રાકોન' એક ભાગીદારી પેઢી** તરફે તેના કાર્યકારી ભાગીદાર ……………………………….)

…………………………………………

(૨૮). **આજ દિન બાદ કુદરતી આપતીઓ જેવી કે ધરતીકંપ, રેલ, આગ, વાવાઝોડુ, વિગેરે કુદરતી આફતો તથા રમખાણો, તોફાનો, આંતકવાદી હુમલો વગેરે કારણે બાંધકામને નુકશાન તો એની સંપુર્ણ જવાબદારી તમો વેચાણ રાખનારની રહેશે. અને એ અંગે અમો વેંચાણ આપનારની પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે, કોઈપણ પ્રકારની આર્થિક, ટેકનીકલ કે કાયદાકીય જવાબદારી રહેતી નથી. જે દસ્તાવેજની મહત્વની શરત છે.**

(૨૯). **તમો પહેલા પક્ષનાએ સદરહુ બિલ્ડીંગ માં હમો બીજા પક્ષના દ્વારા રાખવામાં આવેલ રાસુકી લીફટ અને ફાયર સીસ્ટમનું સારી ચાલુ હાલતમાં નિરીક્ષણ કરેલ છે. રાસુકી લીફટ અને ફાયર સીસ્ટમ હવે પછી રીન્યુ કરાવવાની અને સમયસર મેઈન્ટેનન્સ કરવાની જવાબદારી તમો પહેલાં પક્ષના યા તમો પહેલાં પક્ષના થકી અસોસીએશન/સોસાઈટીની રહેશે.**

(૩૦). <u>વિવાદનું નિરાકરણ (Dispute Resolution)</u> :-

બંને પક્ષનાઓ વચ્ચેના કોઈપણ વિવાદનું સુમેળથી નિરાકરણ લાવવાનું રહેશે. જો કોઈપણ સંજોગોમાં કોઈ વિવાદનું નિરાકરણ સુમેળથી ન લાવી શકાય તો ધી રીઅલ એસ્ટેટ (રેગ્યુલેશન એન્ડ ડેવલપમેન્ટ) એકટ-૨૦૧૬ હેઠળ ઘડવામાં આવેલ નિયમો અને વિનિયમોની જોગવાઈઓ હેઠળ તેને સતા મંડળને મોકલવાની રહેશે.

'આરણ્ય-2' માં આવેલ બિલ્ડીંગોમાં ની પ્રવર્તમાન નેશનલ બિલ્ડીંગ કોડ મુજબનું તમામ રીતે પાલન અને અમલ કરવાની જવાબદારી તમો પહેલાં પક્ષના યા તમો પહેલાં પક્ષના થકી અસોસીએશન/સોસાઈટીની રહેશે.

(૩૧). <u>કરાર રદ કરવા બાબત (Severability)</u> :-

આ કરારની કોઈપણ જોગવાઈ ઉકત અધિનિયમ અથવા તે હેઠળ ઘડવામાં આવેલા નિયમો અને વિનિયમો હેઠળ લાગુ પાડવાપાત્ર અન્ય કાયદાઓ હેઠળ રદ કરવા અથવા બિનઅમલપાત્ર બનાવવાનું નકકી કરવા માટે આવે તો આવી જોગવાઈઓ આ કરારના હેતુ સાથે અસંગત હોય તેટલા પુરતી અને આ અધિનિયમ અથવા તે હેઠળ ઘડવામાં આવેલા નિયમો અથવા લાગુ પડતા કાયદાઓ સાથે અનુરૂપ હોવી જરૂરી હોય તેટલા પ્રમાણમાં તે સુધારાયેલી અથવા રદ થયેલી ગણાશે અને આ કરારની બાકીની જોગવાઈના આ કરારના અમલ વખતે લાગુ પડતી હતી એ જ રીતે માન્ય અને અમલપાત્ર રહેશે.

(૩૨). **સદરહુ ફલેટનો વપરાશ તમો પહેલાં પક્ષનાએ રહેણાંક માટે જ કરવાનો છે. તેનો ઉપયોગ, ભોગવટો અને વપરાશ બીન-રહેણાંક તરીકે કરવાનો નથી.**

(૩૩). **તમો પહેલા પક્ષનાએ સદરહુ 'આરણ્ય-2' માં આવેલાં એપાર્ટમેન્ટોના અથવા તેના કોઈપણ ભાગને અથવા તેના દર્શનને નુકશાન થાય તે રીતે અથવા દસ્તાવેજથી વેચાણ આપેલી સદરહુ મિલ્કત/ફ્લેટમાં કોલમ, બીમ, સ્લેબને નુકશાન થાય તેવા પ્રકારના સુધારા-વધારા, ફેરફાર, રીપેરીંગ વિગેરે કરવા-કરાવવાના નથી. અને આખી ઈમારતને ટેકનીકલી નુકશાન થાય તેવી પાણીની ટાંકી પહેલાં પહેલાં પક્ષનાએ સદરહુ મિલ્કત/ફ્લેટમાં મુકવાની નથી. તેમ છતાં પણ તે અંગેની તમામ જવાબદારી તમો પહેલાં પક્ષનાની છે અને રહેશે અને ગણવાની છે.**

લેખનો પ્રકાર	ગામ	બ્લોક નંબર	ટી.પી.નં.	એફ.પી.નં.	સબ પ્લોટ નં.	પ્રોજેકટનું નામ	ફલેટ નં.	માપ (કાર્પેટ એરીયા ચો.મી.)
વેંચાણ	ગોડાદરા	૩૪/૨ તથા ૩૩	૬૧	૮૩	૮૩/એ	આરણ્ય-2	....	....

....

(**'તન્વી ઈન્ફ્રાકોન' એક ભાગીદારી પેઢી** તરફે તેના
કાર્યકારી ભાગીદાર ....)

(૩૪). **તમો પહેલાં પક્ષના સદરહુ મિલ્કત/ફલેટના માલિક થયા હોય સદરહુ મિલ્કત/ફલેટ અંગેના હવે પછીના તમામ સરકારી, અર્ધ-સરકારી, સહકારી મંડળીઓના કાયદા નિયમ, ધારાઓ વિગેરેનો અમલ કરવા તમો પહેલાં પક્ષના માલિકી હકકે જવાબદાર છો.**

(૩૫). સદરહુ **'આરણ્ય-2'** માં આવેલાં એપાર્ટમેન્ટોમાં ગંદકી થાય તેવા આરોગ્યને હાનિકર્તા કોઈપણ પ્રકારના કાર્યો કે કૃત્યો તમો પહેલાં પક્ષના યા તમો પહેલાં પક્ષના થકી અન્ય કોઈએ કરવા-કરાવવાના નથી.

(૩૬). સદરહુ અલગ-અલગ છ બિલ્ડીંગો વાળા કોમ્પ્લેક્ષનું નામ **'આરણ્ય-2'** રાખવામાં આવ્યું છે, જે પૈકી તમો પહેલાં પક્ષનાને વેચાણ આપેલી સદરહુ મિલ્કત/ફલેટ વાળી બિલ્ડીંગ નું નામ આપવામાં આવ્યુ છે. તે નામમાં તમો પહેલાં પક્ષના યા તમો પહેલાં પક્ષના થકી અન્ય કોઈએ કે તમો પહેલાં પક્ષનાના વંશ-વાલી-વારસો ટ્રાન્સફરીઓ, એસાઈનીઓ વિગેરેએ કોઈપણ સંજોગોમાં ફેરફાર કરવાનો નથી અને તે નામ કાયમ અને હરહંમેશ માટે ચાલુ રાખવાનું છે.

(૩૭). સદરહુ **'આરણ્ય-2'** માં આવેલાં એપાર્ટમેન્ટોમાં રાસુકા વપરાશની જગ્યામાં ઈલેકટ્રીક લાઈટના કનેકશનોની મીટર પેટી રાખવામાં આવી છે. તે મીટર પેટીમાં તમો પહેલાં પક્ષનાને વેચાણ આપેલ ફલેટના ઈલેકટ્રીક લાઈટના વપરાશનું જે બીલ આવે તે તમો પહેલાં પક્ષનાએ ભરવાનું છે.

(૩૮). **મજકુર તમોને વેચાણ આપેલ મિલ્કત સરકારી, અર્ધ-સરકારી, સીટી સર્વે દફતરે, મહાનગરપાલીકા દફતરે હમો બીજા પક્ષનાના નામ ઉપર ચાલે છે, જે આ દસ્તાવેજને આધારે, સદરહુ મિલ્કતનાં તમો પ્રથમ પક્ષના માલીક થયા હોય, તમો પ્રથમ પક્ષના જે તે દફતરે હમો બીજા પક્ષનાનુ નામ કમી કરાવી તમારૂ નામ દાખલ કરવા હકકદાર થાવ સહી, અને તેમા જોઈતી તમામ પ્રકારની સહી-સંમતિ-કબુલાત હમો બીજા પક્ષનાએ વિના તકરારે અને વિના અવેજે આપવાની છે સહી. તો આ દસ્તાવેજને આધારે તેવી તમામ પ્રકારની કબુલાત ગણી લેવી સહી.**

(૩૯). **મજકુર મિલ્કત અંગેના આજદીન સુધીના ગ્રામ પંચાયત, નગર પંચાયત, સુરત મહાનગરપાલીકાના તથા અન્ય તમામ સરકારી-અર્ધ સરકારી કચેરીના તમામ પ્રકારના ટેક્ષ, વેરા વિગેરે તમામ રકમ હમો બીજા પક્ષનાએ જે સંપુર્ણપાણે ભરપાઈ કરી દીધી છે. હવે પછીની તમામ રકમ ભરવાની જવાબદારી તમો પહેલાં પક્ષનાની રહેશે.**

(૪૦). **આ દસ્તાવેજનો આનુષંગિક તમામ ખર્ચ જેવો કે સ્ટેમ્પ ડયુટી, રજીસ્ટ્રેશન ફી, વકીલ ફી વિગેરે પણ તમો પહેલા પક્ષનાએ ભોગવેલ છે. તેમજ ભવિષ્યમાં ખુટતી સ્ટેમ્પ ડયુટીની તમામ જવાબદારી પહેલા પક્ષનાની રહેશે સહી.**

લેખનો પ્રકાર	ગામ	બ્લોક નંબર	ટી.પી.નં.	એફ.પી.નં.	સબ પ્લોટ નં.	પ્રોજેકટનું નામ	ફલેટ નં.	માપ (કાર્પેટ એરીયા ચો.મી.)
વેંચાણ	ગોડાદરા	૩૪/૨ તથા ૩૩	૬૧	૮૩	૮૩/એ	આરણ્ય-2	....	....

....

(**'તન્વી ઈન્ફ્રાકોન' એક ભાગીદારી પેઢી** તરફે તેના
કાર્યકારી ભાગીદાર ....)

....

<u>પરિશિષ્ટ-૧</u>

ડિસ્ટ્રીકટ સુરત, રજીસ્ટ્રેશન સબ-ડિસ્ટ્રીકટ સુરત સીટી-૨ (ઉધના) તાલુકા સુરત સીટી (ઉધના)ના મોજે ગામ-ગામ ગોડાદરાના રેવન્યુ સર્વે નંબર ૨૪/૨ ના બ્લોક નંબર ૩૩ થી ૧૧૧૨૯ ચો.મીટર તથા રેવન્યુ સર્વે નંબર ૨૫ પૈકીના બ્લોક નંબર ૩૪/૨ થી ૫૮૬૮ ચો.મીટર મળી કુલ ક્ષેત્રફળ ૧૬૯૯૭ ચો.મી. જમીન જેને ટી.પી. સ્કીમ નંબર ૬૧ (પરવત-ગોડાદરા) હેઠળ ફાયનલ પ્લોટ નંબર ૮૩ થી ૧૧૩૪૦ ચો.મીટર ક્ષેત્રફળ વાળી બીનખેતીની પૈકી **સબ પ્લોટ નં.૮૩/એ** વાળી સુમારે **૬૦૨૭ ચો.મી. ક્ષેત્રફળની** બીનખેતીની જમીનમાં ફલેટ ટાઈપની અલગ-અલગ બહુમાળી ઈમારતોનું બાંધકામ હમો બીજા પક્ષના યાને **'તન્વી ઈન્ફ્રાકોન'** એક ભાગીદારી પેઢી કરનાર છીએ. જે **''આરણ્ય-2''** ના નામથી ઓળખાય છે. જેમાં બિલ્ડીંગ-A, બિલ્ડીંગ-B, બિલ્ડીંગ-C, બિલ્ડીંગ-D, બિલ્ડીંગ-E, બિલ્ડીંગ-F મળી કુલ ૬ (છ) અલગ-અલગ એપાર્ટમેન્ટોનું બાંધકામ કરવાનું આયોજન કરેલ, જેનું કામ હાલ પ્રગતિમાં છે. જે પરીયોજના/પ્રોજેકટ/બિલ્ડીંગો **''આરણ્ય-2''** ના નામથી આળખાય છે.

<u>પરિશિષ્ટ-૨</u>

''આરણ્ય-2'' નામની ઈમારતો **બિલ્ડીંગ-A, બિલ્ડીંગ-B, બિલ્ડીંગ-C, બિલ્ડીંગ-D, બિલ્ડીંગ-E, બિલ્ડીંગ-F** પૈકી **બિલ્ડીંગ-A/B/C/D/E/F** ના .... **માં માળે** આવેલ ફલેટ નંબર A/B/C/D/E/F-..... વાળી સુમારે ...... ચો. ફુટ યાને ...... ચો. મીટર કાર્પેટ ક્ષેત્રફળ, જેનું બિલ્ટપ ક્ષેત્રફળ ..... ચો. ફુટ યાને ...... ચો. મીટર છે તે ફલેટ તથા સદરહુ ફલેટના પ્રમાણમાં આખી ઈમારતની તળની જમીનમાં ફાળે પડતાં વગર વહેંચાયેલ હિસ્સા વાળી જમીન સહીતની તેને લાગતાં વળગતાં તમામ હકકો સહીતની સ્થાવર મિલ્કત.

સદરહુ જમીન ઉપર યા તેની આજુ-બાજુ કોઈના કોઈપણ જાતનાં ઈઝમેન્ટના તેમજ અન્ય કોઈ પ્રકારના હકક કે અધિકાર વિગેરે નહોતા અને નથી. સહી.

સદરહુ મિલ્કતની હાલના કિંમતી અને બજાર ભાવ મુજબની વેચાણ અવેજની રકમ રૂા........./- અંકે રૂપિયા .... પુરા બદલ વેચાણ આપેલ હોય, જેથી, આ વેચાણ દસ્તાવેજ તમો પહેલા પક્ષનાએ ખરીદેલા **રૂા............./-** ના ઈ-સ્ટેમ્પ પેપર ઉપર કરવામા આવેલ છે. ભવિષ્યમાં ખુટતી સ્ટેમ્પ ડયુટીની તમામ જવાબદારી તમો પહેલા પક્ષનાની રહેશે સહી.

લેખનો પ્રકાર	ગામ	બ્લોક નંબર	ટી.પી.નં.	એફ.પી.નં.	સબ પ્લોટ નં.	પ્રોજેકટનું નામ	ફલેટ નં.	માપ (કાર્પેટ એરીયા ચો.મી.)
વેંચાણ	ગોડાદરા	૩૪/૨ તથા ૩૩	૬૧	૮૩	૮૩/એ	આરણ્ય-2	....	....

....
(**'તન્વી ઈન્ફ્રાકોન' એક ભાગીદારી પેઢી** તરફે તેના
કાર્યકારી ભાગીદાર ....)

....

એણી વિગતનો આ વેચાણ દસ્તાવેજ હમો બીજા પક્ષનાએ હમારી રાજી ખુશીથી, વાંચી, સમજી, વિચારીને, તન-મનની સંપુર્ણ સ્વસ્થ અવસ્થામા, બીનકેફ હાલતમા, કોઈપણ જાતના દાબ-દબાણ, ધાક-ધમકી કે પ્રલોભન વગર તમો બીજા પક્ષનાનાં લાભમાં કરી આપ્યો છે. જે હમોને તથા હમારા વંશ-વાલી-વારસો ઈત્યાદી તમામને કબુલ મંજુર અને બંધનકર્તા છે સહી. થાય સહી. અને રહેશે સહી.

અત્રે----------------------મતુ   તત્રે----------------------શાખ

(**'તન્વી ઈન્ફ્રાકોન'** એક ભાગીદારી પેઢી તરફે
તેના કાર્યકારી ભાગીદાર ....)

....

....

લેખનો પ્રકાર	ગામ	બ્લોક નંબર	ટી.પી.નં.	એફ.પી.નં.	સબ પ્લોટ નં.	પ્રોજેકટનું નામ	ફલેટ નં.	માપ (કાર્પેટ એરીયા ચો.મી.)
વેંચાણ	ગોડાદરા	૩૪/૨ તથા ૩૩	૬૧	૮૩	૮૩/એ	આરણ્ય-2	....	....

....
(**'તન્વી ઈન્ફ્રાકોન' એક ભાગીદારી પેઢી** તરફે તેના
કાર્યકારી ભાગીદાર ....)

<u>નોંધણી અધિનિયમની કલમ-૩૨-એ મુજબ ફોટા તથા અંગુઠાની છાપ લગાવી દસ્તાવેજ સાથે રજુ કરવાની યાદી :-</u>

<u>એલોટી યાને લખાવી લેનાર યાને પહેલાં પક્ષના</u> :-

....

................................ના
ડાબા હાથના અંગુઠાનું નિશાન

સહી...

<u>પ્રયોજક યાને લખી આપનાર યાને બીજા પક્ષના</u> :-

'તન્વી ઈન્ફ્રાકોન' એક ભાગીદારી પેઢી તરફે
તેના કાર્યકારી ભાગીદાર **.............................**

................................ના
ડાબા હાથના અંગુઠાનું નિશાન

સહી...

લેખનો પ્રકાર	ગામ	બ્લોક નંબર	ટી.પી.નં.	એફ.પી.નં.	સબ પ્લોટ નં.	પ્રોજેકટનું નામ	ફલેટ નં.	માપ (કાર્પેટ એરીયા ચો.મી.)
વેંચાણ	ગોડાદરા	૩૪/૨ તથા ૩૩	૬૧	૮૩	૮૩/એ	આરણ્ય-2	....	....

....
(**'તન્વી ઈન્ફ્રાકોન' એક ભાગીદારી પેઢી** તરફે તેના
કાર્યકારી ભાગીદાર ....)

....

<u>મિલ્કત/બિલ્ડીગનો ફોટો</u>

<u>મિલ્કતની વિગત</u> :- બિલ્ડીગ **ABCDEF, ‘‘આરણ્ય-2’’**, મોજે ગામ-ગોડાદરા, તાલુકો- સુરત સીટી(ઉધના), જીલ્લો- સુરત.

<u>વેંચાણ આપનાર</u> :- **<u>વેંચાણ લેનાર</u> :-**

....

લેખનો પ્રકાર	ગામ	બ્લોક નંબર	ટી.પી.નં.	એફ.પી.નં.	સબ પ્લોટ નં.	પ્રોજેકટનું નામ	ફલેટ નં.	માપ (કાર્પેટ એરીયા ચો.મી.)
વેંચાણ	ગોડાદરા	૩૪/૨ તથા ૩૩	૬૧	૮૩	૮૩/એ	આરણ્ય-2	....	....

....
(**‘તન્વી ઈન્ફ્રાકોન’ એક ભાગીદારી પેઢી** તરફે તેના
કાર્યકારી ભાગીદાર ....)

....

<u>મિલ્કત/ફ્લેટનો ફોટો</u>

<u>મિલ્કતની વિગત</u> :- બિલ્ડીગ **ABCDEF - .....** , **"આરણ્ય-2"**, મોજે ગામ-ગોડાદરા, તાલુકો- સુરત સીટી(ઉધના), જીલ્લો- સુરત.

<u>વેંચાણ આપનાર</u> :- **<u>વેંચાણ લેનાર</u> :-**

.... **..........................**

લેખનો પ્રકાર	ગામ	બ્લોક નંબર	ટી.પી.નં.	એફ.પી.નં.	સબ પ્લોટ નં.	પ્રોજેકટનું નામ	ફલેટ નં.	માપ (કાર્પેટ એરીયા ચો.મી.)
વેંચાણ	ગોડાદરા	૩૪/૨ તથા ૩૩	૬૧	૮૩	૮૩/એ	આરણ્ય-2	....	....

....
(**'તન્વી ઈન્ફ્રાકોન' એક ભાગીદારી પેઢી** તરફે તેના
કાર્યકારી ભાગીદાર ....)

....